પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૦ | ૨૦ ડિસેમ્બર, ૨૦૧૭, બુધવાર ; પોષ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પેટ્રોલ-ડીઝલ જીએસટી હેઠળ લવાશે

નાણાંમંત્રી અરૂણ જેટલીએ જણાવ્યુ હતુ કે ટુંક જ સમયમાં પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ લાવવાનો નિર્ણય કરાશે. નાણાંમંત્રાલય વિગતો એકત્રિત કરી તૈયારી કરી રહ્યું છે.

### જમ્મુ-કાશ્મીરમાં વર્ષ દરમ્યાન ૭૫ જવાન શહીદ

આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં ૩૩૭ આતંકી ઘટનાઓ સામે આવી. અહીં સુરક્ષાદળોની સાથે એન્કાઉન્ટરમાં ૨૦૩ આતંકીઓ માર્યા ગયા હતા અને ૭૫ જવાનો શહીદ થયા હતા.

### દિવાલથી ટકરાઈ ડ્રાઈવરલેસ મેટ્રો

ડ્રાઈવરલેસ દિલ્હી મેટ્રો ટ્રેન ટ્રાયલ રન દરમ્યાન દિવાલ સાથે ટકરાઈ હતી. ૨૫મી ડિસેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેનુ ઉદ્દ્ઘાટન કરવાના છે.

### આમ આદમી પાર્ટીના ગુજરાતના તમામ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની જબરજસ્ત હાર થઈ છે. આપે અહીં ૨૯ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. તે તમામની ડીપોઝીટ ડૂલ થઈ ગઈ છે.

# પીએમની ટિપ્પણી મામલે સંસદમાં હોબાળો

**ગુજરાતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મનમોહનસિંહ માટે ટિપ્પણી કરી હતી : રાજ્યસભામાં સદનની કાર્યવાહી ચાલે તે માટે નાણામંત્રી અરુણ જેટલી દ્વારા કોંગ્રેસી નેતાઓની મુલાકાત લેવાઈ**



નવીદિલ્હી,તા. ૧૯

સંસદમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને લઈને આજે વધુ એક વખત ભારો હોબાળો જોવા મળ્યો હતો. બીજી તરફ નાણામંત્રી અરુણ જેટલીએ વિપક્ષ કોંગ્રેસના નેતાઓની આ મામલે આજે મુલાકાત કરી હતી. જેટલીએ મંગળવારે રાજ્યસભામાં સભ્યોના હંગામાની વચ્ચે સમાધાન કરવાની કોશિશ કરતા વિપક્ષી નેતાઓ સાથે અલગ બેઠક કરવાની તૈયારી બતાવી હતી. સદનમાં ચાલી રહેલા ગતિરોધની વચ્ચે જેટલીએ આગતિરોધને દૂર કરવા માટે વિપક્ષના નેતાઓની મુલાકાત પણ લીધી હતી. કોંગ્રેસ અને વિપક્ષો વચ્ચે ગત શુક્રવારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ વિશે કરવામાં આવેલી ટિપ્પણીને લઈ ભારે હંગામો ચાલી રહ્યો છે. લોકસભામાં ભારે હંગામા બાદ સ્પીકર સુમિત્રા મહાજને સદનની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી તો રાજ્યસભામાં વિપક્ષ નેતા ગુલાબ નબી આઝાદે વડાપ્રધાન દ્વારા

● અનુસંધાન ૧પન-૭ પર

## ગુજરાતના પરિણામ કોંગીના નૈતિક બળનો વિજય : રાહુલ

**પરિણામ બાદ રાહુલે મૌન તોડતા ફરી એકવખત રાફેલ અને જય શાહના મામલે મોદી ઉપર આકરા પ્રહાર કર્યા**



નવીદિલ્હી,તા. ૧૯

ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભાના પરિણામો બાદ અંતે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાની ચુપકીદી તોડતા કહ્યું કે, લોકોએ જે નિર્ણય આપ્યો છે તેઓને તે સ્વીકાર કરે છે પરંતુ આ પરિણામ એ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંને માટે બોધપાઠ લેવા બરોબર છે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, દેશની જનતા હવે ભાજપના ષડયંત્રો સમજવા લાગી છે અને આવનારા સમયમાં આની અસર જોવા મળશે. તેમણે એમ પણ કહ્યું કે, આ પરિણામો એ કોંગ્રેસ અને મારા માટે નૈતિક મનોબળની જીત છે. રાહુલે ગુજરાત પરિણામો અંગે ટિપ્પણી કરતા કહ્યું કે, આ પરિણામોએ વડાપ્રધાન મોદી અને ભાજપને એવો સંકેત આપ્યો છે કે, જો તમારામાં ગુસ્સો અને ક્રોધ છે તો તે તમને કામ નહીં આવે. કેટલો પણ ગુસ્સો હોય,

● અનુસંધાન ૧પન-૭ પર

# શોપિયનમાં બે ત્રાસવાદીઓ ઠાર

શોપિયન,તા. ૧૯

જમ્મુ કાશ્મીરના શોપિયન જિલ્લામાં એક ભીષણ અથડામણમાં ઉત્તેજના રહી હતી. અથડામણમાં એક જવાન ઘાયલ થયો હોવાના હેવાલ મળ્યા છે. શોપિયન જિલ્લાના પોલીસે ઓપરેશન હાથ ધર્યુ હતુ. ખતરો નિહાળ્યા બાદ છુપાયેલા ત્રાસવાદીઓએ સુરક્ષા દળો પર

**ઠાર કરાયેલા ત્રાસવાદીઓની પાસેથી શસ્ત્રોનો જથ્થો કબજે**

સુરક્ષા દળોએ જેશના બે ત્રાસવાદીઓને મોતનો ઘાટ ઉતારી દીધા છે. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. આ અથડામણને લઈને આસપાસના વિસ્તારોમાં પણ બટમુરાન ગામમાં એક ઘરમાં ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ સેના અને અન્ય સુરક્ષા દળોએ ઓપરેશન હાથ ધર્યુ હતુ. સુચના મળ્યા બાદ સેના, સીઆરપીએફ અને જમ્મુકાશ્મીર ગોળીબાર કર્યો હતો. જો કે સામ સામે અથડામણ દરમિયાન બન્ને ત્રાસવાદીઓ ઠાર થયા હતા.

જમ્મુકાશ્મીર પોલીસના અધિકારી મુનીર ખાને કહ્યુ છે કે બન્ને ત્રાસવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. જમ્મુકાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના હેતુથી ઓપરેશન ઓલઆઉટ હાથ ધરવામાં આવ્યુ છે.



## ગુજરાતના નવા મુખ્યમંત્રી રૂપાણી હશે, વિપક્ષી નેતા ધાનાણી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતની ચૂંટણીના પરિણામ બાદ સૌને





અસરકર્તા એવા મુખ્ય પ્રશ્ન- નવા મુખ્યમંત્રી કોણ થશે-- તેનો જવાબ સિમ્પલ છે. ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી નેતૃત્વ પરિવર્તન કરવાના મૂડમાં નથી,એટલે કે પાર્ટી વિજય રૂપાણીના નેતૃત્વમાં જ સરકારની રચના કરે તેમ મનાય છે.

પાર્ટીના સૂત્રો કહે છે કે નાયબ મુખ્યમંત્રી માટે નિતીન પટેલ ઉપરાંત બીજા બે નામ સામે આવ્યા છે અને તેમાં પ્રદિપસિંહ જાડેજા તેમજ જીતુ વાઘાણીનો સમાવેશ થાય છે. રૂપાણીના મંત્રીમંડળના સાત મંત્રીઓ હારી ગયા હોવાથી રૂપાણીને નવી ટીમની રચના કરવાની રહેશે જેમાં અમદાવાદના કૌશિક પટેલનો ચાન્સ વધી ગયો છે.

બીજી તરફ કોંગ્રેસમાં મોહનસિંહ રાઠવા કે જેઓ વિપક્ષના કાર્યકારી નેતા છે તેમની જગ્યાએ હવે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી પાર્ટીના યુવા નેતા પરેશ ધાનાનીની નિયુક્તિ કરી શકે છે. રાહુલ ગાંધી પ્રદેશ કોંગ્રેસમાં પણ મોટો બદલાવ કરી શકે છે. વિપક્ષના નેતા તરીકે જો પાટીદાર હશે તો પાર્ટીના પ્રેસિડેન્ટ તરીકે ઓબીસી નેતા આવી શકે છે. જો કે કોંગ્રેસની વિધાનસભા પક્ષની બેઠકમાં વિપક્ષના નેતાની વરણી થઈ શકે છે.

# ખાનગી સેક્ટરમાં ગ્રેજ્યુઈટી લિમિટ વધારાશે

**સરકારી કર્મચારીઓની જેમ જ વધારીને ૨૦ લાખ કરવા તૈયારી : પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી સુધારા બિલ સંસદમાં રજૂ કરાયા બાદ હવે આશા વધી : ગ્રેચ્યુટીની રકમ દરેક વર્ષ માટે ૧૫ દિવસના વેતનના આધારે નક્કી થાય છે**

નવી દિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે હવે ખાનગી સેક્ટરના કર્મચારીઓ માટે ગ્રેચ્યુટી લિમિટ વધારી દેવા અને મૈટરનિટી લીલ આપવા માટે લોકસભામાં બિલ રજૂ કરી દીધુ છે. આ બિલ રજૂ કરવામાં આવ્યા બાદ ખાનગી સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓને રાહત મળે તેવી શક્યતા છે. પ્રાઈવેટ સેક્ટરમાં ગ્રેચ્યુટી લિમિટ સરકારી કર્મચારીઓની જેમજ વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવે તેવી શક્યતા છે. શ્રમ પ્રધાન સંતોષ કુમાર ગંગવારે પેમેન્ટ ઓફ ગ્રેચ્યુટી બિલ સંસદમાં રજૂ કર્યા બાદ આને લઈને આશા વધી ગઈ છે. પેમેન્ટ ઓફ ગ્રેચ્યુટી એક્ટ ૧૯૭૨ને ફેક્ટરીઓ, ખાણ, ઓઈલફિલ્ડ, પ્લાનટેશન, પોર્ટ, રેલવે, દુકાનો અને અન્ય સ્થાનોમાં નોકરી કરતા કર્મચારીઓ માટે લાગુ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા હતી. તે ૧૦થી વધારે કર્મચારીઓવાળી સંસ્થામાં ઓછામાં ઓછા પાંચ વર્ષની નોકરી પૂર્ણ કરનાર કર્મચારીઓ માટે લાગુ થાય છે. આ ઉપરાંત મૈટરનિટી બેનિફિટ એક્ટ ૨૦૧૭ મારફતે મૈટરનિટી લીવને ૧૨ સપ્તાહથી વધારીને ૨૬ સપ્તાહ સુધી કરી દેવામાં આવનાર છે.તમામ જાણકાર નિષ્ણાંતો કહે છે કે ગ્રેચ્યુટીની રકમ નોકરીના દરેક વર્ષ માટે ૧૫ દિવસના વેતનના આધાર પર નક્કી કરવામાં આવે છે. તેની મહતમ મર્યાદા હાલમાં ૧૦ લાખ રૂપિયા છે. જે વર્ષ ૨૦૧૦માં નક્કી કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે સાતમા વેતન પંચની ભલામણ અમલી કરવામાં આવ્યા બાદ ગ્રેચ્યુટી લિમિટ ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. સરકારે કહ્યુ છે કે ફુગાવા અને પગારમાં વધારાને ધ્યાનમાં લઈને સરકારી કર્મચારીઓની સાથે પ્રાઈવેટ સેક્ટર સાથે જોડાયેલા કર્મચારીઓ માટે ગ્રેચ્યુટીની મર્યાદા વધારી દેવાની જરૂરીયાત અનુભવ કરવામાં આવી રહી છે.

# રાજ્યમાં કાયમી ડીજીપી નિમવા હાઈકોર્ટનો આદેશ

**આઠ સપ્તાહમાં નિમણુંક કરવા હાઇકોર્ટનો હુકમ : ચૂંટણી આચારસંહિતાની બાબત હવે રહેતી ન હોઇ કાયમી ડીજીપીનો માર્ગ મોકળો**

અમદાવાદ, તા.૧૯

ગુજરાત રાજયમાં છેલ્લા બે વર્ષથી રાજયના પોલીસ મહાનિર્દેશક(ડીજીપી)ની કાયમી નિમણૂંક નહી થતી હોવાના મુદ્દે કરાયેલી અગત્યની જાહેરહિતની રિટ અરજીમાં આજે ગુજરાત હાઇકોર્ટે ૮ સપ્તાહમાં કાયમી ડીજીપીની નિમણૂંક કરવા રાજય સરકારને મહત્વનો આદેશ કર્યો છે. ચૂંટણી પૂર્ણ થઇ જતાં અને આચારસંહિતાની બાબત હવે રહેતી નહી હોઇ હાઇકોર્ટે રાજયમાં ડીજીપીની નિમણૂંક અંગે મહત્વનો હુકમ કરી પિટિશનનો આખરે નિકાલ કર્યો હતો. પૂર્વ આઇપીએસ અને એડવોકેટ રાહુલ શર્મા દ્વારા કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, રાજય સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી રાજયના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) જેવા મહત્વના હોદ્દા પર કાયમી નિમણૂંક કરવામાં આવતી નથી. જેના કારણે રાજયમાં પોલીસતંત્રની સાથે સાથે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સીધી અસરો પડી રહી છે. સરકાર દ્વારા હાલ ઈન્ચાર્જ ડીજીપીથી કામ ચલાવાઇ રહ્યું છે પરંતુ તે યોગ્ય ના કહી શકાય. બીજીબાજુ, પોલીસનું પણ મોરલ ડાઉન થઇ રહ્યું છે. ગત તા.૪-૪-૨૦૧૬ના રોજ પી.પી.પાંડેને ઈન્ચાર્જ ડીજીપી પદેથી હટાવાયા હતા., ત્યારબાદ ગીથા જોહરીને પણ ઈન્ચાર્જ ડીજીપી તરીકેનો કાર્યભાર સોંપાયો છે. પોલીસ એક્ટ-૨૦૦૭માં કાયમી ડીજીપીની નિમણૂંકની સ્પષ્ટ જોગવાઇ હોવાછતાં સરકાર દ્વારા તેનું પાલન કરવામાં આવી નથી રહ્યું., તેથી હાઈકોર્ટે રાજયમાં ડીજીપીની કાયમી નિમણૂંક કરવા સરકારને આદેશ કરવો જોઈએ.આ કેસમાં હાઈકોર્ટે

● અનુસંધાન ૧પન-૭ પર

# આજે ભારત-શ્રીલંકા વચ્ચે ટ્વેન્ટી-૨૦

**કટક ખાતે રમાનારી ટ્વેન્ટીને લઇને તમામ તૈયારી : ટેસ્ટ અને વનડે શ્રેણી જીતી લીધા બાદ ટ્વેન્ટી પર નજર કેન્દ્રિત : ભારતીય ટીમ ટ્વેન્ટીમાં પણ ભવ્ય દેખાવ કરશે**

કટક,તા. ૧૯

ટેસ્ટ અને વનડે શ્રેણી બાદ હવે ભારત અને શ્રીલંકા વચ્ચે ટ્વેન્ટી મેચની શ્રેણી શરૂ થઇ રહી છે. ત્રણ ટ્વેન્ટી-૨૦ મેચોની શ્રેણી પૈકીની પ્રથમ મેચ આવતીકાલે કટક ખાતે રમાનાર છે. શ્રીલંકા તરફથી સ્પીડ સ્ટાર લાસિત માલિંગા રમનાર નથી. ભારતીય ટીમ રોહિત શર્માના નેતૃત્વમાં મેદાનમાં ઉતરનાર છે. કટક મેચને લઇને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. વિશાખાપટ્ટનમ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં ભારતે શ્રીલંકા ઉપર આઠ વિકેટે એક તરફી જીત મેળવી હતી. આની સાથે જ શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી.શિખર ધવને ૧૩ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૮૫ બોલમાં અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા. અય્યરે આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૬૫ રન બનાવ્યા હતા. મોહાલી ખાતે બીજી વનડે મેચમાં ભારતે શ્રીલંકા ઉપર ૧૪૧ રને જીત મેળવી હતી.

# કાશ્મીર મુદ્દે પાકિસ્તાન ઉશ્કેરાયુ

**ભારત સાથે પરમાણુ યુદ્ધની આશંકા નકારી શકાય નહી : નાસિરખાન જંજુઆ**

ન્યુ દિલ્હી/ઈસ્લામાબાદ,તા.૧૯

કાશ્મીર મુદ્દે અમેરિકાએ ભારતની તરફેણ કરતાં પાકિસ્તાન સમીસમી ઉઠ્યું છે અને પરમાણુ યુદ્ધ સુધીની ધમકી ઉચ્ચારી છે. નેશનલ સિક્યુરિટી એડવાઈઝર (એનએસઈ) લેફ. જનરલ (નિવૃત) નાસિરખાન જંજુઆએ રાષ્ટ્રીય સુરક્ષા અંગેના સેમીનારમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે ભારતે અનેક ઘાતક શસ્ત્રો મેળવ્યા છે. પાકિસ્તાનને પરંપરાગત યુદ્ધની ભારત વારંવાર ધમકીઓ આપે છે. જોકે હવે પરમાણુ યુદ્ધની શક્યતાનો ઈનકાર કરી શકાય નહીં. એનએસએએ દાવો કર્ય હતો કે પાકિસ્તાને જ્યારથી અમેરિકા સાથે જોડાણ કર્યું છે ત્યારથી આતંકવાદની સમસ્યા સામે ઝઝુમી રહ્યું છે. આતંકવાદ સામેની લડતમાં પાકિસ્તાને ભારે કિંમત ચુકવી છે. અલબત્ત વિશ્વે આ નુકસાનનો ક્યારેય સ્વીકાર કર્યો નથી. ઉલ્ટાનું પાકિસ્તાન પર હક્કાની નેટવર્ક તથા તાલિબાન સાથે સંબંધ રાખવાનો અમેરિકા આક્ષેપ મુકે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

